# ડીસામાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ વચ્ચે બરબાદીના પંથે યુવા ધન

ડીસા, તા.૧૨

ડીસા શહેરમાં પોલીસતંત્રની રહેમનજર હેઠળ દેશી વિદેશી દારૂનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. શહેરના અનેક વિસ્તારોમાં ખુલ્લે આમ રોકટોક વિના બુટલેગરો દેશી વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ કરી રહ્યા છે. જયારે સાંજ પડે પોલીસ કર્મીઓ સરકારી બાઈક પર બુટેગરો પાસેથી હપ્તા ઉઘરાવવા માટે નીકળી પડે છે.

પ્રાપ્ત માહિતી મુજબ ડીસા શહેરના મોટા ભાગના વિસ્તારોમાં દારૂના અડ્ડા પોલીસની લાલીયાવાડીના કારણે ખુલ્લેઆમ ધમધમી રહ્યા છે. અડ્ડાઓ પર દારૂ પીતા હજારો યુવા ધન બરબાદીના પંથે જઈ રહ્યું છે. આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી દેશી દારૂ અને રાજસ્થાનમાંથી મોટા પાયે વિદેશી દારૂ શહેરમાં ઠલવાય છે. દરેક અડ્ડાના બુટલેગર પાસેથી પોલીસના હપ્તા બાંધેલા છે. જેથી પોલીસ તંત્ર રેડ પાડવામાં ઉદાસીન વલણ દાખવે છે અને આરામથી હપ્તાના પૈસા વસુલે છે. જયારે અન્ય પોલીસ કર્મીઓને જે સરકારી બાઈક પોલીસ પેટ્રોલીંગ માટે ફાળવી છે તેને બદલે સાંજ પડે સો-બસો રૂપિયાની રોકડી કરવા બુટલેગરોના અડ્ડાની આસપાસ સરકારી બાઈકો આંટા મારે છે. શહેરના રહેણાંક વિસ્તારો ઉપરાંત બજારમાં પણ ગમે તે જગ્યાએ બેસીને માંગો તેટલો દારૂનો જથ્થો મળી રહે છે.કેટલાંક પાનના ગલ્લા અને પાર્લરોમાં દેશી વિદેશી દારૂ સરળતાથી મળી રહે છે. શહેરના મોટા બુટલેગરો પોલીસને મોટા મસ હપ્તા ચૂકવતા હોવાથી તેમની સામે કોઈ કાયદાકીય ગુનો નોંધાતો નથી જયારે શહેરમાં દારૂ પીને છાકટા બનતા અસામાજીક તત્ત્વોનો ખૂલ્લો આતંક મચાવી રહ્યા છે. જેને પરિણામે સારા ઘરના લોકોને ઘરની બહાર બજારમાં નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે અને ભયના ઓથાર હેઠળ દિવસો પસાર કરી રહ્યા છે. જયારે કેટલાક નવયુવાનો બુટલેગરોના સકંજામાં સપડાયા હોવાથી તેઓ પોતાની બાઈક પર દારૂની હોમ ડીલીવરી પણ બુટલેગરોના કહેવાથી કરતા હોય છે ત્યારે શહેરમાંથી દેશી વિદેશી દારૂનું નેટવર્ક ઓછું કરવા જિલ્લા પોલીસ વડા તાત્કાલીક યોગ્ય પગલા ભરે તેવી લોકોની લાગણી અને માંગણી છે.



ડીસા શહેરની તાલુકા પંચાયત કચેરીની આગળ-પાછળ વરસાદી પાણી ભરાતા કચેરીમાં કામ અર્થે આવતા અરજદારોને ભારે હાલાકી વેઠવી પડે છે. તાલુકા પંચાયતની પાછળની બાજુએ આવેલ બી.આર.સી. ભવનની સામે ઘુંટણસમુ પાણી ભરાયેલ છે. જ્યાં આજે શિક્ષકોની મિટીંગ હોવાથી મીટીંગમાં આવેલા શિક્ષકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ સમસ્યા દર વર્ષે ચોમાસાની ઋતુમાં સર્જાય છે. આખા તાલુકાનો વહીવટ જ્યાંથી થતો હોય તે તાલુકા પંચાયતમાં જ ઘુંટણ સમા વરસાદી પાણીનો ભરાવો થાય છે. જો તાલુકા પંચાયત જ પાણીમાં ગરકાવ હોય તો ગામડાઓની શુ પરિસ્થિતિ હશે ? પરંતુ આ અંગે તંત્રના અધિકારીઓ ધૃતરાષ્ટ્રની ભૂમિકા ભજવી રહ્યા હોય તેવું લોકોને લાગી રહ્યું છે. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

# મોબાઈલ ફોન લે-વેચ પર શરતોનું પાલન કરવા આદેશ

મહેસાણા, તા.૧૨

મહેસાણા જિલ્લામાં આતંકવાદી કૃત્ય ન બને તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં જુના તેમજ નવા ફોન લે વેચ માટે વેપારીઓને શરતોનું પાલન કરવા આદેશ કર્યો છે. મહેસાણા જિલ્લામાં કોઈ પણ જુના નવા મોબાઈલ ફોન સીમકાર્ડ દુકાનદારે જુના નવા મોબાઈલ ફોન ગ્રાહક પાસેથી ખરીદ વેચાણ કરે તો ગ્રાહકનું પુરેપુરું નામ, સરનામું તથા આઈ.ડી. પ્રુફ ફરજિયાત મેળવી લેવાનું રહેશે. આ અંગેની જરુરી માહિતી કોલમના રજિસ્ટરમાં નિભાવવાના રહેશે. નવા સીમકાર્ડના વેચાણ કરતી વખતે આઈ.ડી. પ્રુફની નકલ મેળવવાની રહેશે. રજિસ્ટરોની તપાસનીશ એજન્સી માંગે ત્યારે રજુ કરવાના રહેશે. આ તમામ રજિસ્ટરો દુકાનદારે પાંચ વર્ષ સુધી સાચવીને રાખવાના રહેશે.

જુના મોબાઈલ ખરીદી અને વેચતી વખતે વેપારીએ અનુ નં. મોબાઈલની વિગત આઈ.એમ.ઈ.આઈ. નંબર, મોબાઈલ વેચનાર, ખરીદનારનું સરનામું, આઈ.ડી. પ્રુફની વિગત આ ઉપરાંત નવું સીમકાર્ડ વેચતી વખતે અનુ.નં. સીમકાર્ડની વિગત આઈ.એમ.ઈ.આઈ. સીમકાર્ડ ખરીદનારનું સરનામું, આઈ.ડી. પ્રુફની વિગત અને સીમકાર્ડ ખરીદનારની સહી કરાવવાની રહેશે. આ જાહેરનામું ૦૬ જુલાઈ ૨૦૧૩થી ૩૧ ઓગષ્ટ ૨૦૧૩ સુધી અમલમાં રહેશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પી.બી. રાઠોડની અખબારી યાદીમાં જણાવાયું છે.

# પ્રાંતિજના દલપુર પાસે ટ્રક પાછળ કાર ઘુસી જતા એકનું મોત

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના દલપુર પાસે શુક્રવારે સવારે મોડાસાથી કાર લઈને ગાંધીનગર જઈ રહેલ કાર આગળ જઈ રહેલ ટ્રકમાં ઘુસી જતા એકનું સ્થળ પર મોત નીપજયું હતુ જ્યારે ઈજાગ્રસ્ત એકને ૧૦૮ દ્વારા સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયેલ હતા. જ્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. બનાવ અંગે પ્રાંતિજ પોલીસમથકે ફરિયાદ નોંધાતા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




બનાવની વિગત એવી છે કે મોડાસામાં મેઘરજ રોડ પર આવેલ આદર્શ સોસાયટીમાં રહેતા અને તીન્તોઈની ઉત્તર બુનિયાદી હાઈસ્કૂલના આચાર્ય કમલેશભાઈ મૂળશંકર ભટ્ટ (ઉંમર-૫૦) અને મૂળ તલોદ તાલુકાના પુસરી ગામના હાલ મોડાસામાં પાંડુરંગ સોસાયટીમાં રહેતા અને મોડાસા ત્રિવેણી હાઈસ્કૂલના આચાર્ય સુભાષભાઈ નરસિંહભાઈ પટેલ (ઉંમર-૫૨) બંને આચાર્યો શુક્રવારે વહેલી સવારે કમલેશભાઈની કાર નંબર જીજે-૯.એજી.૨૧૯ લઈને અમદાવાદ જવા નીકળ્યા હતા. દરમિયાન હિંમતનગરથી ૧૦ કિમી દૂર અમદાવાદ માર્ગ પર આવેલ દલપુર પાસે સવારે ૭ વાગેના સુમારે કાર ચલાવતા સુભાષભાઈએ અચાનક કાર પર કાબુ ગુમાવી દેતા આગળ જઈ રહેલ ટ્રક પાછળ કાર ઘુસી ગઈ હતી. પરિણામે ગંભીર ઈજાને કારણે સ્થળ પર કમલેશભાઈ ભટ્ટનું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે સુભાષભાઈને ઈજાઓ થઈ હતી જેમને ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયેલ હતા. ત્યાંથી પ્રાથમિક સારવાર લઈને વધુ સારવાર માટે મેડીસ્ટાર હોસ્પિટલમાં લઈ ગયેલ હતા. બનાવ અંગે પ્રાંતિજ પોલીસમથકે ફરિયાદ નોંધાતા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસામાં જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીના ધામા : પીવાના પાણીના બોરોની હાથ ધરી તપાસ

ડીસા, તા. ૧૨

ડીસા નગરપાલિકાને તાજેતરમાં જ ૧-૭-૨૦૧૩ના રોજ અર્બન હેલ્થ ઓફિસરે નોટીસ પાઠવી જાહેર કરેલ છે કે હેલ્થ ઓફિસર દ્વારા એક આરોગ્યલક્ષી ચકાસણી હાથ ધરાઈ અને રોગચાળો ફેલાવવાનું મુખ્ય કારણ પાણી જન્ય રોગ અટકાવવા એક સર્વે અને



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

સમગ્ર શહેરને પીવાનું પાણી પુરૂ પાડતા ૧૪ બોરમાં ક્લોરીનેશન થતું નથી. એટલે કે લોકો અશુદ્ધ પાણી પીએ છે. જેથી ચોમાસાના સમયમાં લોકો રોગનો ભોગ બની શકે છે. અને તેના પગલે પાલિકા જાગે તે પહેલા જિલ્લા રોગચાળા જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીએ ડીસા દોડી આવી પીવાનું પાણી પુરૂ પાડતા તમામ બોરોની શુદ્ધતા ચકાસણી હાથ ધરતા પાલિકાતંત્રમાં દોડધામ મચેલ છે.

આ અંગેની વિગતો જોઈએ તો તાજેતરમાં ડીસાના અર્બન ચેકિંગના ભાગરૂપ સમગ્ર શહેરને પીવાનું પાણી પુરૂ પાડતા ૧૪ બોરમાં ક્લોરીનેશન થાય છે કે નહિ તેની જાત તપાસ હાથ ધરાઈ હતી. જેમાં ચોંકાવનારી એવી બાબત બહાર આવેલ કે શહેર રામભરોસે છે. એટલે કે આ તમામ ૧૪ બોરમાં ક્લોરીનેશનના સાધનો ધૂળ ખાય છે અને આ તમામ બોરોમાં ક્લોરીનેશનની કામગીરી થતી જ નથી. જે બાદ આ ગંભીર પ્રકારની ગફલત દાખવનાર પાલિકા ચીફ ઓફિસરને અર્બન હેલ્થ વિભાગે ગત તા. ૧-૭-૨૦૧૩ના રોજ એક નોટીસ ઈશ્યુ કરી હતી અને રોગચાળાનું પ્રમાણ ચોમાસામાં વધવાની શક્યતા હોઈ ક્લોરીનેશન પ્લાન્ટ તાત્કાલિક શરૂ કરવા તાકીદ કરી હતી. હેલ્થ વિભાગની તપાસમાં એવું પણ બહાર આવેલ કે ૧૧ બોરમાં તો ક્લોરીનેશન સોલ્યુશન જ નથી. જે અતિ ગંભીર બાબત હોવાનું જણાવી તાલુકા હેલ્થ ઓફિસરે આ મામલે તેઓએ એપેડેમીક ઓફિસર પાલનપુરને પણ આ મામલાની લેખિત જાણ કરેલ હતી. જેના પગલે આજે જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડીસા દોડી આવ્યા હતા. અને શહેરના કૈલાશનગર, શિવનગર સહીતના વિવિધ બોરોની ચકાસણી હાથ ધરી હતી. આજની જિલ્લા રોગચાળો નિયંત્રણ અધિકારી, બનાસકાંઠા ડૉ. ભારમલ પટેલની જાત ચકાસણીમાં પણ ચાલુ બોરમાં ક્લોરીનેશન થતું ના હોવાનું અને બોર ઓપરેટર ક્લોરીનેશન કેવી રીતે કરવું તેનું જ્ઞાન પણ ના ધરાવતા હોઈ તેઓએ બોર ઓપરેટરને ક્લોરીનેશન લગતી ટ્રેનીંગ આપી હોવાનું જણાવ્યું હતું.

જ્યારે બીજી તરફ એવું તપાસમાં બહાર આવેલ છે કે પાલિકાને પીવાના પાણીના ક્લોરીનેશન બંધ મામલે નોટીસ ઈસ્યુ થતા આ મામલે પાલિકા પ્રમુખ ડૉ. તેજલબેન પટેલ દ્વારા કડકાઈએ આ તમામ પ્લાન્ટો ચાલુ કરવા સુચના અપાઈ હતી. જો કે આ સુચનાની અમલ બજવણી થયેલ હોવા છતાં બોર ઓપરેટરો દ્વારા ગફલત ભરી કામગીરીએ અને બહાનાબાજીએ ક્લોરીનેશન પ્લાન બંધ રખાયા હતા. આ બાબતે બોર ઓપરેટરે જાતેજ કબલ્યું હતું કે તે નિત્ય ક્લોરીનેશન કરતો નથી. કેમકે કેરબો લઈ નિત્ય ઉપર ચઢ ઉતર કરવું તકલીફ વાળુ કામ છે. તેવું બોર ઓપરેટરે જણાવ્યું હતું.

આ તમામ બાબતો વચ્ચે આમ આદમી એટલે કે સ્થાનિક લોકોની હાલત કફોડી બનેલ છે. પાલિકા દ્વારા રસ્તા, નાલીયો, ઉભરાઈ રહી છે. જેથી સ્કૂલના બાળકો અને રાહદારીઓ ભારે મુસીબત વેઠી રહ્યા હોવાનું જણાવ્યું હતું.



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

જગાણા પંચાયત ખાતે કુપોષણ ભારત છોડો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બનાસકાંઠાના સાંસદ હરિભાઈ ચૌધરી, પ્રદેશ કોંગ્રેસ મંત્રી લક્ષ્મીબેન કરેણ, જિલ્લા વિકાસ અધિકારી પટેલ, આરોગ્ય અધિકારી આચાર્ય, પાલનપુર સિવિલ સર્જન સહિત તમામ લોકોએ બાળકોને ભગવાનનો ભાગ ધરીને કુપોષણ હટાવવા સંકલ્પ કર્યો હતો.

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

## તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૭૩ | ૯૫૧ |
| એરંડા | ૬૯૩ | ૭૦૨ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૦ |
| મગ | ૬૫૦ | ૧૦૭૧ |
| બાજરી | ૨૨૦ | ૨૯૨ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૧૫ |

## સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૦૦ | ૯૨૬ |
| ઘઉં | ૩૧૫ | ૩૫૦ |
| બાજરી | ૨૧૦ | ૨૭૦ |
| ડાંગર જ્યા | ૨૮૦ | ૩૨૦ |
| ડાંગર ગુજ | ૩૧૦ | ૩૪૫ |

## પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૦ |
| ઘઉં | ૨૯૫ | ૩૩૦ |
| બાજરી | ૨૩૦ | ૨૭૫ |
| ડાંગર ગુજ | ૩૧૦ | ૩૪૫ |
| ડાંગર જ્યા | ૨૯૦ | ૩૨૧ |

## ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૫ |
| મકાઈ | ૨૮૦ | ૩૧૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૩૫ |
| બાજરી | ૨૩૦ | ૨૬૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૨૦ |

## ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૫ | ૩૨૫ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૫૪ |
| મકાઈ | ૨૮૮ | ૨૯૪ |
| એરંડા | ૬૮૫ | ૬૯૩ |
| મગફળી | ૬૫૦ | ૮૨૫ |
| મગ | ૫૦૦ | ૯૦૦ |

## મોડાસા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૪ |
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| મકાઈ | ૨૭૦ | ૩૧૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| મગફળી | ૬૬૦ | ૯૨૦ |
| ગવાર | ૧૦૫૦ | ૧૨૮૫ |
| ચણા | ૫૩૦ | ૫૬૧ |
| જુવાર | ૩૫૦ | ૩૮૦ |

## ટીંટોઈ

| | | |
|---|---|---|
| મકાઈ | ૨૭૦ | ૨૯૮ |
| ઘઉં | ૩૦૦ | ૩૧૮ |
| મગફળી | ૬૫૦ | ૮૬૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૭૪ |

## દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૩૮ | ૨૮૭ |
| ઘઉં | ૩૧૫ | ૩૨૦ |
| ગવાર | ૨૮૫ | ૩૦૧ |
| એરંડા | ૬૮૪ | ૬૯૨ |
| ગવાર | ૧૦૨૫ | ૧૨૫૧ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| તુવેર | ૫૫૦ | ૬૫૧ |
| જુવાર | ૩૬૨ | ૩૭૨ |
| રાયડો | ૫૬૦ | ૬૩૦ |

## રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૩૫ | ૨૮૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૧૫ |
| ડાંગર | ૨૮૦ | ૨૯૦ |
| એરંડા | ૬૮૦ | ૨૯૦ |
| ગવાર | ૧૦૧૦ | ૧૨૪૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૫ | ૬૫૦ |
| જુવાર | ૩૫૦ | ૩૭૦ |
| રાયડો | ૫૪૦ | ૬૨૫ |

## હિંમતનગર

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૦ | ૨૯૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૯૬ |
| ચણા | ૫૭૦ | ૬૦૦ |
| જુવાર | ૩૦૦ | ૩૬૧ |
| ગવાર | ૧૧૦૦ | ૧૨૯૫ |

## ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૬૫ |
| મકાઈ | ૨૭૦ | ૨૯૨ |
| એરંડા | ૬૮૫ | ૬૯૬ |
| બાજરી | ૨૫૦ | ૨૬૫ |
| મગફળી | ૬૫૦ | ૯૧૩ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૦૫ |
| ચણા | ૬૫૦ | ૬૭૧ |
| જુવાર | ૩૫૦ | ૩૬૦ |
| મગ | ૬૦૦ | ૬૩૦ |

## પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૨ | ૩૮૧ |
| બાજરી | ૧૭૦ | ૨૮૮ |
| એરંડા | ૬૭૯ | ૬૯૭ |
| રાજગરો | ૧૧૨૧ | ૧૨૩૦ |
| જુવાર | ૫૦૨ | ૬૧૭ |

| | | |
|---|---|---|
| મગફળી | ૭૦૦ | ૯૪૦ |
| ગવાર | ૧૦૨૫ | ૧૩૨૯ |

## સિદ્ધપુર

| | | |
|---|---|---|
| રાયડો | ૬૦૦ | ૬૨૪ |
| એરંડા | ૬૮૨ | ૭૧૭ |
| ગવાર | ૧૦૫૫૫ | ૧૩૯૪ |
| ઘઉં | ૨૫૨ | ૩૭૨ |
| બાજરી | ૨૦૦ | ૩૩૭ |
| જુવાર | ૩૩૦ | ૬૧૩ |

## વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૪૯ |
| બાજરી | ૨૨૦ | ૩૦૨ |
| રાયડો | ૫૨૫ | ૬૨૫ |
| એરંડા | ૬૬૫ | ૭૦૬ |
| જુવાર | ૨૦૦ | ૫૨૯ |
| જવ | ૨૬૦ | - |
| મેથી | ૪૬૦ | ૫૪૦ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૨૧ |
| રજકાના બી | ૧૫૦૦ | ૨૩૭૫ |

## મહેસાણા

| | | |
|---|---|---|
| જુવાર | ૩૫૭ | ૪૦૦ |
| ઘઉં | ૨૯૫ | ૩૫૧ |
| જીરૂ | ૨૪૮૦ | ૨૪૯૯ |
| રાયડો | ૫૬૦ | ૬૦૮ |
| મેથી | ૫૨૦ | - |
| બાજરી | ૨૩૬ | ૨૯૨ |
| એરંડા | ૬૭૭ | ૭૦૦ |
| અજમો | ૪૫૧ | ૧૨૨૦ |
| ગવાર | ૧૦૭૨ | ૧૨૨૦ |
| રજકાબી | ૨૦૦૦ | ૨૪૯૫ |

## આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૨ | ૩૩૦ |
| બાજરી | ૨૦૦ | ૨૭૩ |
| રાયડો | ૫૯૫ | ૫૯૯ |
| એરંડા | ૬૮૨ | ૬૮૭ |
| ગવાર | ૧૨૩૨ | ૧૨૮૪૨ |

## જોટાણ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૬ | ૬૮૮ |
| રાયડો | ૬૦૧ | - |
| બાજરી | ૨૭૭ | ૨૫૦ |
| ગવાર | ૧૦૬૪ | ૧૨૮૧ |
| જુવાર | ૩૫૨ | - |

## હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૬૦૦ | ૬૧૭ |
| એરંડા | ૬૭૦ | ૭૦૩ |
| સાસટો | ૩૦૦ | ૩૯૩ |
| બાજરી | ૨૧૦ | ૨૫૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૫૫ |
| ગવાર | ૧૦૮૦ | ૧૩૩૦ |
| ચણા | ૫૪૦ | ૬૨૬ |
| જીરૂ | ૨૨૦૦ | ૨૬૧૭ |
| સવા | ૬૦૦ | ૬૮૮ |

## કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૭ | ૩૪૫ |
| એરંડા | ૬૮૫ | ૬૯૪ |
| બાજરી | ૨૨૦ | ૨૭૫ |
| રાયડો | ૫૯૦ | ૫૯૧ |
| ડાંગર | ૨૭૦ | ૩૬૪ |
| ગવાર | ૧૨૮૦ | ૧૩૩૨ |
| જુવાર | ૩૧૦ | ૪૨૦ |

## બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૮૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૫ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |

## પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૧૦૦ | ૨૫૧૧ |
| વરીયાળી | ૭૭૯ | ૧૨૬૫ |
| બંટી | ૩૦૦ | ૩૭૫ |
| રાયડો | ૫૬૦ | ૬૨૨ |
| એરંડા | ૬૫૦ | ૭૦૮ |
| ઘઉં | ૨૯૦ | ૩૭૦ |
| જુવાર | ૨૪૦ | ૬૦૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૮ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૨૦ |
| મેથી | ૪૭૫ | ૫૫૦ |
| સવા | ૪૫૧ | ૭૦૦ |

## ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૦૦ | ૨૯૦૦ |
| વરીયાળી | ૮૨૫ | ૧૮૯૧ |
| ઈસબગુલ | ૧૧૫૫ | ૧૩૮૫ |
| સરસવ | ૬૪૦ | - |
| રાયડો | ૫૭૦ | ૬૧૨ |
| તલ | ૧૯૦૩ | ૨૧૭૦ |
| સવા | ૬૫૦ | ૬૮૦ |


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601